**મંદબુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓને**
**શિષ્યવૃત્તિ આપવાની યોજના.**

ગુજરાત સરકાર;
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૮૮/મ-૬૬/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧/૬/૯૧

વંચાણમાં લીધા :-

(૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગ, સચિવાલય, અમદાવાદનો તા.૯/૭/૬૫ નો ઠરાવ નં. ઇડીડી/૧૨૬૪/૪૭૬૩૨/છ.
(૨) ભૂતપૂર્વ મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો તા. ૨૫-૭-૭૮ નો ઠરાવ ક્રમાંક:-ઇડીડી/૧૦૭૭/૩૯૨૨૮/છ.
(૩) સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો તા. ૨૮/૩/૮૯ નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૮૭/મ-૧૭/છ.
(૪) સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા. ૨૯/૮/૯૦ નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૦/મ-૩૭/છ.
(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદનો તા. ૨૦/૫/૮૮ ના પત્ર ક્રમાંક:-અપગ-૮૮-૮૯-૪૯
(૬) નાણાં વિભાગના સચિવાલય ગાંધીનગરની તા. ૧૮/૬/૯૧ ની યાદી ક્રમાંક:-સીએનએફ/૧૬૯૧/૭૮/ક.

ઠ રા વ ::-

આમુખમાં (૧) થી (૪) માં જણાવેલ ઠરાવો અન્વયે અંધ, બહેરા, મુંગા તથા અસ્થિ વિષયક ખામી ધરાવતા, પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧ થી ૮ સુધી અભ્યાસ કરતા અપંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની રાજ્ય સરકારની યોજના અમલમાં છે આ શિષ્યવૃત્તિની યોજનાનો લાભ મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને પણ આપવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી જરુરી વિચારણાને અંતે સરકારશ્રીએ રાજ્ય સરકારની અપંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓ જેઓ ૫૦ થી ૭૦ વચ્ચેનો બુદ્ધિ આંક ધરાવતા હોય તેવા મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનું ઠરાવેલ છે. આ અંગે વિદ્યાર્થીના માતા-પિતા કે વાલીની વાર્ષિક રુપિયા ૨૫,૦૦૦/-(અંકે, રુપિયા પચીસ હજાર પૂરા) સુધીની આવક મર્યાદા રાખવાનું ઠરાવવામાં આવે છે. અપંગ શિષ્યવૃત્તિ અંગેની અન્ય શરતો

મંદબુદ્ધિવાળા વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ માટે યથાવત લાગુ પડશે.

આ યોજનાનો અમલ જૂન-૯૨ થી શરૂ થતા શૈક્ષણિક સત્રથી કરવાનો રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજ પત્રના સદર " માંગણી નં. ૮૮, ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ (ચાલુ) -૦૨-સમાજ કલ્યાણ-૧૦૧-વિકલાંગોનું કલ્યાણ-૨-એસસી એચડબલ્યુ-૧૭, વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ-૯-સહાયક અનુદાન /ફાળા/સહાયકી (નો) અન્વયે " હેઠળ ઉધારવાનું રહેશે આ અંગેની જરૂરી જોગવાઈ નાણાં વિભાગની તા. ૨૮/૬/૯૭ ની યાદી ક્રમાંક/૧૧૯૧/૭૮/ક થી આકસ્મિક નીધિમાંથી મંજૂર કરવામાં આવેલ રૂ. ૨.૫૦ લાખની પેશગીમાંથી મેળવવાની રહેશે. આકસ્મિક નિધિમાંથી કરવામાં આવેલ ફંડ અંગે યોગ્ય સમયે નિયામકશ્રી સમાજ સુરક્ષાએ પૂરક માંગણી રજૂ કરવાની રહેશે. આકસ્મિક નિધિમાંથી ઉપાડેલ પેશગી અન્વયે કરવામાં આવતા ખર્ચ અંગેના બિલો અને વાઉચર ઉપર મથાળે લાલ શાહીથી " આકસ્મિક નિધિ પેશગી બિલ " એવું સ્પષ્ટ જણાવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગ(આયોજન) ની તેમજ નાણાં વિભાગની તા. ૨૭/૩/૯૧ ના રોજ મળેલી સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એ. વાવા
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.